દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શુક્રવાર ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬

# ભારતને ભીંસમાં લેતું ચીનનું વધુ એક પગલું: ભારે યંત્ર સામગ્રીની નિકાસ પર નિયંત્રણો

ચીન તેના ખનિજો, તેના ઉત્પાદનોનો ઉપયોગ આર્થિક શસ્ત્ર તરીકે કરવા માટે જાણીતુ બની ગયું છે. કેટલાક દુર્લભ ખનિજોનું મોટા પાયે ઉત્પાદન ચીનમાં થાય છે અને આજે વિશ્વને આ દુર્લભ ખનિજોની અમુક ચોક્કસ બાબતો માટે ખૂબ જરૂર છે ત્યારે ચીન બહુ કુશળતાપૂર્વક આ ખનિજોનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરે છે અને તેણે કેટલાક સમય પહેલા આ દુર્લભ ખનિજોની નિકાસ પર નિયંત્રણો મૂકીને અમેરિકાને પણ મુશ્કેલીમાં મૂકી દીધું હતું. હાલમાં ચીની પ્રમુખ જીનપિંગની અમેરિકા મુલાકાત વખતે તેમનું બહુ ઉષ્માભર્યું આતિથ્ય કરવામાં આવ્યું તે માટે ચીનના આવા દુર્લભ ખનિજો અને ખાસ ઉત્પાદનો પણ કારણભૂત હોવાનું માનવામાં આવે છે. આ ચીને હવે હાલમાં તેને ત્યાં ઉત્પાદિત કેટલીક ભારે યંત્રસામગ્રીની નિકાસ પર નિયંત્રણો મૂક્યા છે. ચીને સોમવારે ટનલ બોરિંગ મશીન સહિતના મુખ્ય મશીનરી સાધનો પર નવા નિકાસ નિયંત્રણો જાહેર કર્યા છે, જેનાથી ભારતની માળખાકીય સુવિધાઓના વિકાસ પર વિપરીત અસર પડી શકે છે. ચીનથી આયાત થતા આ યંત્રો જ ભારતની માળખાકીય સુવિધાઓના વિકાસ માટે મોટા પાયે વપરાય છે.

આ નિયંત્રણો માટેના ખુલાસામાં રાષ્ટ્રીય સુરક્ષા અને હિતોનું રક્ષણ કરવાના હેતુથી આ નિયંત્રણો લાદવામાં આવ્યા હોવાનું ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું. આ નિકાસ નિયંત્રણો ૧૮ નવેમ્બરથી અમલમાં આવશે. ટનલ બોરિંગ મશીનો અને તેને સંબંધિત વસ્તુઓની નિકાસ પરના નિયંત્રણો ભારત પ્રોજેક્ટ્સને અસર કરી શકે છે, જેમાં અંડરગ્રાઉન્ડ મેટ્રો સિસ્ટમ, હાઇ-સ્પીડ રેલ લાઇન અને સરહદી વિસ્તારો સહિત વિવિધ સ્થળોએ આવેલી ટનલોનો સમાવેશ થાય છે. ભારતમાં હાલ અનેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો ચાલે છે અને તેમાં ચીની યંત્ર સામગ્રીની ઘણી જરૂર પડે છે. ચીને તાજેતરના વર્ષોમાં ભારતને TBMsની નિકાસ પર નિયંત્રણો મૂક્યા છે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ૨૦૨૪માં જર્મન વાઇસ ચાન્સેલર રોબર્ટ હેબેકને રજૂઆત કરી જ હતી કે બીજિંગ ચીનમાં TBMsનું ઉત્પાદન કરતી જર્મન કંપનીને ભારતમાં નિકાસ કરવાની મંજૂરી આપી રહ્યું નથી. ચીનના વાણિજ્ય મંત્રાલયની જાહેરાત અનુસાર, ચીનના નવા નિયંત્રણોમાં ‘વોકિંગ એક્સકેવેટર્સ’ અને ‘પ્લેટો-ટાઇપ વેટ શોટક્રિટ મશીનો’નો પણ સમાવેશ થાય છે. સોમવારની જાહેરાત હેઠળ, સંબંધિત વસ્તુઓના નિકાસકારોએ ચીનના એક્સપોર્ટ કંટ્રોલ લો અને બેવડા ઉપયોગની વસ્તુઓ પરના નિકાસ નિયંત્રણોના નિયમો અનુસાર MOFCOM પાસે લાઇસન્સ માટે અરજી કરવી પડશે. આ જાહેરાતમાં નિકાસકારોએ નિયંત્રિત વસ્તુઓની ચોક્કસ ઓળખ કરીને તેને જાહેર કરવાની તેમજ કસ્ટમ્સ ડિક્લેરેશનમાં તેમના દ્વિ-ઉપયોગી નિકાસ નિયંત્રણ કોડનો ઉલ્લેખ કરવાની પણ આવશ્યકતા છે. સરકારી મીડિયા ગૃહ ‘ગ્લોબલ ટાઇમ્સ’ના અહેવાલ મુજબ, જે વસ્તુઓ પર નિકાસ નિયંત્રણ લાગુ નથી પરંતુ સમાન ટેકનિકલ પાસાઓ અથવા કામગીરી ધરાવે છે, તેના માટે નિકાસકારોએ પોતાની જાહેરાતને પ્રમાણિત કરવા માટે વિગતવાર ટેકનિકલ પરિમાણો પૂરા પાડવા પડશે. જો જાહેર કરેલી માહિતીની ચોકસાઈ, પૂર્ણતા અથવા અસલિયત સામે શંકા જણાશે, તો કસ્ટમ્સ સત્તાવાળાઓ વધુ ચકાસણીની માંગ કરી શકે છે. જાહેરાતમાં જણાવ્યા અનુસાર, ચકાસણી પ્રક્રિયા દરમિયાન શિપમેન્ટ છોડવામાં આવશે નહીં.

ચીન દ્વારા નિયંત્રણ હેઠળ મૂકાયેલા યંત્રો અટપટી અને મુશ્કેલ કામગીરીઓ કરવામાં ખૂબ ઉપયોગી છે. ભારતના ખાસ કરીને દુર્ગમ પહાડી પ્રદેશો અને મુશ્કેલ ભૂપ્રદેશોમાં રસ્તાઓ બનાવવા કે ટનલો બનાવવા માટે આ યંત્રો ખૂબ ઉપયોગી છે. ‘વોકિંગ એક્સકેવેટર’ એ એક એવું મશીન છે જે તેના કામ કરતા જોડાણો, આઉટરીગર્સ અથવા પૈડાંની મદદથી વિષમ અને મુશ્કેલ ભૂપ્રદેશમાં ચાલવા માટે અને ખોદકામ કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે. જાહેરાત અનુસાર, નવા પગલાંઓમાં ચોક્કસ ટેકનિકલ માપદંડો ધરાવતી ડ્રેજર-સંબંધિત વસ્તુઓ, જેમ કે સ્લરી પંપ, ડ્રેગહેડ્સ અને કટરહેડ્સ પરના નિકાસ નિયંત્રણોને વધુ કડક કરવામાં આવ્યા છે. શુક્રવારે, વાણિજ્ય મંત્રાલયે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) અને બાયોટેકનોલોજીથી લઈને ફોટોવોલ્ટેઇક સોલર પાવર સુધીના ક્ષેત્રોની ૧૪ ટેકનોલોજી પર નવા નિકાસ નિયંત્રણો મૂકવાની યોજનાનો ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો. જાહેરાતમાં જણાવ્યા મુજબ, આ નિયંત્રણોમાં ટ્રેલિંગ સક્શન હોપર ડ્રેજર્સ (TSHDs) માં વપરાતા ઓછામાં ઓછા 0.55 મીટરના સક્શન પાઇપ વ્યાસ ધરાવતા ડ્રેગહેડ્સ, તેમજ કટર સક્શન ડ્રેજર્સ (CSDs) માં વપરાતા ઓછામાં ઓછા 2.1 મીટરના આઉટર કટર રિંગ વ્યાસ ધરાવતા કટરહેડ્સનો પણ સમાવેશ થાય છે. TSHDs અને CSDs એ પાણીની અંદરના કાંપને દૂર કરવા માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા બે સૌથી મુખ્ય દરિયાઈ વાહનો છે, પરંતુ તે સંપૂર્ણપણે અલગ પદ્ધતિઓ પર કામ કરે છે અને અલગ-અલગ પરિસ્થિતિઓ માટે અનુકૂળ છે. આ યંત્ર સામગ્રીઓ ભારતમાં ઉત્પાદિત થતી નથી અને ભારતે તેના માટે મોટે ભાગે ચીન પર આધાર રાખવો પડે છે. ચીને તેમના નિકાસ પર નિયંત્રણો મૂકતા ભારતના માળખાકીય વિકાસના કાર્યો પર સ્વાભાવિક રીતે જ અસર પડશે.

## મનની આગ



આદિવાસી કબિલાના વૃદ્ધ સરદારે એક દિવસ પોતાના કબીલાના લોકો સાથે પોતાના અનુભવની વાત કરતા કહ્યું, ‘આપણે મનની અંદર ભાર લઈને ફરીએ તો તેનો થાક આપણને જ લાગે અને કોઈ ઘા મનમાં છુપાવીને રાખીએ તો તે ઘા નાસૂર બની આપણને જ પીડા આપે અને જો મનમાં ગુસ્સો ભરી રાખીએ તો તે ક્રોધની આગ આપણને જ સૌથી પહેલા દઝાડે એટલે હંમેશા જે મનમાં હોય તે બહાર કાઢી નાખવું કઈ વર્ષો વર્ષ સંઘરીને બેસવું નહીં..... નહીં તો આપણી અંદર સતત સળગતી અને ન દેખાતી આગ આપણા અને આપણા સ્વજનોના જીવનને બાળી નાખે છે.’ આ વાત સાંભળી એક યુવાન દોડીને તેમના પગમાં પડી ગયો અને બોલ્યો, ‘સરદાર તમારી વાત એકદમ સાચી છે મારી અંદર સતત એક આગ સળગી રહી છે અને તે બુઝાવાનું નામ જ નથી લેતી.હું શું કરું ? મને માર્ગ દેખાડો સરદાર બોલ્યા, ‘તું વર્ષોનું દુ:ખ, ગુસ્સો અને પીડા મનમાં રાખીને બેઠો છે. તું વર્ષો જૂના અપમાન, દુ:ખ, દગો કે પસ્તાવાને હજુ સુધી હૃદયમાં લઈને ફરે છે તો કદાચ તારી અંદર પણ સતત એક આગ સળગી રહી છે અને અંદરની આગ બુઝાવવી હોય તો મૂળ કારણ સુધી પહોંચવુ પડે.’ યુવાને કહ્યું, ‘મારા મનમાં મારા પિતાનું અપમાન કરનાર પ્રત્યે ગુસ્સો છે અને તેમનું વર્ષો પહેલા થયેલું અપમાન મને આજે પણ દુ:ખ અને પીડા આપે છે.’ વૃદ્ધ સરદાર બોલ્યા, ‘કોણે તારા પિતાનું અપમાન કર્યું હતું...તું તેને શોધીને તેની સાથે વાત કર, તારા મનને શાંતિ મળતી હોય તો તેમનું અપમાન કર પણ તો વેરની આગ વધારે ભડકશે અને જો તારે તારા મનની આગ શાંત કરવી હોય તો તેને માફ કરી દે.’ યુવાને કહ્યું, ‘મારા પિતાનું અપમાન કરનાર વ્યક્તિ તમે જ છો! હવે કહો હું શું કરું?!’ આ સાંભળી વૃદ્ધ સરદાર અને બાકીના બધા સ્તબ્ધ થઈ ગયા.હવે શું થશે તેમ બધા વિચારી રહ્યા. વૃદ્ધ સરદાર પોતાના સ્થાન પર બેસી પડ્યા.....તેમની આંખોમાં પસ્તાવાના આંસુ હતા.યુવાન તેમની પાસે ગયો અને કઈ બોલાયા વિના તેમના હાથ પકડી પગમાં બેસી ગયો.સરદારના આંસુ અને યુવાનના મૌનથી કદાચ અંદરની આગ ધીમે ધીમે બુઝાઈ રહી હતી.મનની અંદરની આગ કઈ રીતે બુઝાવવી તેકબીલાના લોકો નજરોનજર જોઈ રહ્યા. મનની આગને બુઝાવવી હોય તો તેના મૂળ કારણને શોધો અને કારણભૂતને માફ કરી દો.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

# વિશ્વભરમાં તંત્ર સામે સવાલ ઉઠાવી રહ્યા છે યુવાનો

**કહેવાની વાત**

**નેહા શાહ**

> **દેશોમાં આર્થિક વૃદ્ધિની સાથે ખાનગી સંપત્તિમાં તો જંગી વધારો થયો છે, પરંતુ સામાન્ય નાગરિકને ગુણવત્તાસભર શિક્ષણ, આરોગ્ય અને રોજગારની સુરક્ષાની ખાતરી મળતી નથી**

ભારતમાં થઈ રહેલાં યુવાનોના આંદોલનો પાછળ જ્યોર્જ સોરોસનો હાથ હોવાની થિયરી વહેતી થઈ ગઈ છે. વિદેશી તાકાતો પર દોષારોપણ કરવું એ આત્મનિરીક્ષણમાંથી છટકવા માટેનો સહેલો રસ્તો છે. વ્યવસ્થાના વિરોધાભાસનો મૂળભૂત પ્રશ્ન સ્વીકારવાનો નહીં કે ચર્ચવાનો નહીં! તેમજ વિદેશી ષડ્યંત્રની સામે લોકોને પણ રાષ્ટ્રપ્રેમથી દોરવાઈ એકજૂથ કરવા સહેલા, પણ જોવાનું એ છે કે યુવા આંદોલન માત્ર ભારતમાં નથી ચાલી રહ્યું. ફ્રાન્સ, ઈટાલી, અલ્બેનિયા, પોર્ટુગલ, બેલ્જિયમ, સ્પેન જેવા યુરોપના દેશોમાં પણ યુવાનો સડકો પર ઊતરી આવ્યા છે. શું આ બધી જગ્યાએ વિદેશી તાકાતો બીજા દેશોને નબળા પાડવા મથી રહી છે?

યુરોપથી ભારત સુધીનાં યુવા આંદોલનોમાં માગણીઓ અલગ-અલગ છે, પણ સૂર એક છે. દેશોમાં આર્થિક વૃદ્ધિની સાથે ખાનગી સંપત્તિમાં તો જંગી વધારો થયો છે, પરંતુ સામાન્ય નાગરિકને ગુણવત્તાસભર શિક્ષણ, આરોગ્ય અને રોજગારની સુરક્ષાની ખાતરી મળતી નથી. ફ્રાન્સમાં વિદ્યાર્થીઓએ વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની વધુ સંખ્યા, શાળાઓમાં અપૂરતી સુવિધાઓ અને શિક્ષકોની અછત સામે વિરોધ નોંધાવ્યો છે. બેલ્જિયમમાં શિક્ષણ સુધારાના નામે થતી સરકારી ખર્ચની કાપકૂપ અને વધતી ફી સામે વિદ્યાર્થીઓએ અવાજ ઉઠાવ્યો છે. વધતી મોંઘવારી અને સામે ન વધતા વેતનદરોના મુદ્દે ઈટાલીમાં અસંતોષ છે. સ્પેન અને પોર્ટુગલમાં વધતી મોંઘવારી, વધતા ભાડા અને આવાસના ખર્ચે સામાન્ય માણસનું જીવન દોહ્યલું બનાવ્યું છે. દરેક વિરોધ પ્રદર્શન પાછળની નારાજગીનાં મૂળમાં સરખા જ પ્રશ્નો સંભળાય છે - શું સારું જીવન જીવવાનું મને પરવડશે? રહેવા સરખું ઘર મળશે? શું મારા શિક્ષણથી મને જીવનમાં આગળ વધવાની તક મળશે? શું મારી મહેનતનું મને ન્યાયી વળતર મળશે? શું મને તાલીમ અને કૌશલ્ય મળી રહ્યાં છે તે મારા ભવિષ્યનાં સપનાં સાકાર કરી આપશે? આ પ્રશ્નો માત્ર વિકાસના પિરામિડના તળિયે રહી ગયેલા અતિ ગરીબ લોકો પૂરતા મર્યાદિત નથી. મધ્યમ વર્ગને પણ આ જ પ્રશ્નો મૂંઝવે છે.

શું ભારતમાં યુવાનોમાં વ્યાપેલા અસંતોષનો સૂર પણ આ જ નથી? શિક્ષિત બેરોજગારીનો પ્રશ્ન વિકરાળ હતો અને વધુ ગંભીર બની રહ્યો છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલ મુજબ, ભારતમાં યુવા બેરોજગારીનો દર એપ્રિલ 2025ના 13.8 ટકાથી વધીને જૂન 2026માં 16.2 ટકા થયો. સામાન્ય પગારે પોતાના કૌશલ્ય કરતાં ઊતરતી કક્ષાના કામની નોકરી સ્વીકારી ચૂકેલા યુવાનોનો જુદો પ્રશ્ન છે. લાખો રૂપિયાનો ખર્ચ કરી શિક્ષણ પૂર્ણ કર્યા પછી રોજગાર મેળવવાની અનિશ્ચિતતાનો સામનો યુવાનો કરી રહ્યા છે. સૌને સમાન શિક્ષણ મળે એ રાજ્યની જવાબદારી ગણાય. પણ શિક્ષણને ખાનગી મૂડીરોકાણ ગણતા નીતિગત અભિગમને કારણે શિક્ષણ પાછળનો જાહેર ખર્ચ લક્ષ્ય કરતાં ઓછો રહ્યો છે. ૧૯૬૬ના કોઠારી પંચથી લઈને ૨૦૨૦ની નવી શિક્ષણ નીતિ સુધી શિક્ષણ પાછળ GDPના છ ટકા ખર્ચવાની ભલામણ થઈ છે, જે વાસ્તવિક રીતે ૪.૫ ટકાથી આગળ વધ્યું નથી. જ્યારે સરકાર તરફથી અપૂરતા જાહેર ખર્ચને કારણે ગુણવત્તાયુક્ત શિક્ષણની ખાતરી નથી મળતી ત્યારે શૈક્ષણિક-સામાજિક અસમાનતા વધે છે, કારણ કે જાહેર સંસ્થાઓમાં યોગ્ય શિક્ષકો, પુસ્તકો કે પ્રયોગશાળા જેવી સુવિધાઓનો અભાવ રહે છે. એટલે ઉજ્જવળ ભવિષ્યની શોધમાં પરિવારોને ખાનગી શિક્ષણ પર વધુ ખર્ચ કરવા મજબૂર થવું પડે છે, તે પણ ગરિમાસભર નોકરીની ખાતરી નથી આપતું. આ ઉપરાંત, જ્યારે સ્વતંત્ર દેશના નાગરિકના મૂળભૂત અધિકાર સમા મતાધિકાર સાથે ચેડાં થતાં હોવાની વાત બહાર આવી તો જનઆક્રોશ રસ્તા પર ઊમટી પડ્યો.

વિકાસના મોડેલનો આ જ વિરોધાભાસ છે. ખાનગી રોકાણ આકર્ષવા માટે સરકાર કરવેરામાં રાહતો અને પ્રોત્સાહનો આપે છે. અપેક્ષા એવી છે કે મૂડીનું સંચય થશે તો તેની સમૃદ્ધિનો લાભ આખા સમાજ સુધી પહોંચશે. પરંતુ સંપત્તિનો મોટો હિસ્સો ટોચના વર્ગમાં કેન્દ્રિત રહે છે. સરકારી બજેટની ખાધને કારણે શિક્ષણ અને આરોગ્યની વ્યવસ્થા ઊભી કરવા માટે જરૂરી જાહેર ખર્ચ અપૂરતો જ રહે છે. ગરીબ અને મધ્યમ વર્ગના હાથમાં બજારની તકો આવતી નથી અને સામે સમાન તક માટે જરૂરી શિક્ષણ અને આરોગ્ય મેળવવાનો આર્થિક બોજ વધતો જાય છે. NEET પરીક્ષામાં થયેલી ગેરરીતિનો સવાલ આની સાથે જ જોડાયેલો છે. અત્યંત સ્પર્ધાત્મક તબીબી શિક્ષણના પ્રવેશ માટે જ્યારે અનેક પરિવારો ખાનગી કોચિંગ પાછળ પોતાની બચત ખર્ચી નાખે અને યુવાનો વર્ષો સુધી મહેનત કરે અને સામે જ્યારે સમગ્ર વ્યવસ્થાની વિશ્વસનીયતા સામે જ સવાલ ઊભા થાય તો? એમાંય ત્યારે અસંતોષ તો વ્યાપક બનવાનો જ.

ફ્રાન્સનું પેરિસ હોય, ઈટાલીનું મિલાન, સ્પેનનું બાર્સેલોના, પોર્ટુગલનું લિસ્બન કે ભારતનાં દિલ્હી અને મુંબઈ, યુવાનોમાં દેખાતો આક્રોશ તેમના અનુભવમાંથી ઊભો થયો છે. દરેક જગ્યાએ યુવાનની માગ એક જ છે - આગળ વધવાની ન્યાયી તક. અને આ આક્રોશની અભિવ્યક્તિ માટે અને ન્યાયી માગની રજૂઆત માટે કોઈ જ્યોર્જ સોરોસની નાણાકીય સહાયની જરૂર નથી. આ પ્રશ્નો વ્યવસ્થાકીય છે, જેના ઉકેલ પણ વ્યવસ્થાકીય છે. વિદેશી કાવતરામાં કારણો શોધવાની દલીલ એ મૂળ મુદ્દેથી ધ્યાન હટાવવાના પ્રયત્નો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# જાહેર વહીવટમાં સોફ્ટવેરની અનિવાર્યતા પ્રજાને સતત ટેન્શન અને દોડાદોડીમાં રાખે છે

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

> **ના આપણી ચેનલો, ના આપણા પ્રજાના પ્રતિનિધિઓ... કોઈ આ વાતે સરકાર કે સત્તાવાળાનું ધ્યાન દોરતા નથી**

વસ્તુ કે વ્યવસ્થામાં શોધ ગમે તેટલી સરસ હોય, પણ તેના લાભ અને ગેરલાભ તો તેના ઉપયોગને આધીન જ હોય છે. આનું એક ઉદાહરણ હતું સોનોગ્રાફી મશીન! આ મશીન શોધાયું હતું માનવ શરીરની અંદર કોઈ રોગ હોય, અકુદરતી હોય તેની જાણકારી મેળવવા. પણ ભારતમાં તેનો ઉપયોગ ગર્ભમાં રહેલા બાળકની જાતિ જાણવા થયો. એટલું જ નહિ, ગર્ભપાતની ટેકનોલોજી પણ સ્ત્રી ગર્ભનો નાશ કરવા માટે ઉપયોગમાં લેવાઈ. હવે આજ વાત સાયન્સ અને ટેકનોલોજીની બાબતમાં પણ સાબિત થાય છે. આધુનિક ટેકનોલોજી આશીર્વાદ સમાન બનવાને બદલે પ્રજા માટે ત્રાસરૂપ થતી જાય છે.

ગુજરાતમાં અત્યારે સરકારી અધિકારીઓને આધુનિકતાના નામે સોફ્ટવેરના ઉપયોગનું ઘેલું લાગ્યું છે. હવે પહેલા જેવા નેતાઓ રહ્યા નથી, જે અધિકારીઓના પ્લાનમાં સામાન્ય માણસને પડનારી તકલીફો સમજે અને અધિકારીઓના પ્લાનમાં પૂરક પ્રશ્નો કરે. એટલે શાસનમાં તો અધિકારીઓનો જ સિક્કો ચાલે છે. એમાય ખાનગીકરણ અને ઉદારીકરણ પછી સૌને આધુનિક બનવાનું ઘેલું લાગ્યું છે અને આધુનિકીકરણનો આખો ભાર આવ્યો છે મોબાઈલ એપ પર. કોઈ પણ વાત હોય, મોબાઈલ એપ ડાઉનલોડ કરો. વળી, સરકારના જુદા જુદા ખાતા પણ પોતાની એપ બનાવે છે, જે કર્મચારીઓ અને નાગરિકોએ ડાઉનલોડ કરવાની હોય છે. વાહન વ્યવહાર કચેરીની એપ, મ્યુનિસિપાલિટીની એપ, યુનિવર્સિટીની એપ, સ્કૂલની એપ, આવું જ હવે સરકારી યોજનાઓમાં કાર્ડનું થયું છે. આધાર કાર્ડ, પાન કાર્ડ, રેશન કાર્ડ, આયુષ્માન કાર્ડ, એ પહેલાં મા કાર્ડ. હવે આ બધામાં પાછું કેવાયસી અને પછી પ્રજા લાગે ધંધે. જે તે સમયે આધાર કાર્ડ, પાન કાર્ડ બનાવવાના ઉત્સાહમાં સૌનાં કાર્ડ ફટાફટ બનાવડાવાયાં અને જુદી જુદી એજન્સી દ્વારા બનાવાયાં. હવે એમ સ્પેલિંગ ભૂલ અને ક્યાંક ભારતીય સમાજવ્યવસ્થાને કારણે સર્જાયા ગોટાળા. જેમ કે, બાપનું નામ રમણભાઈ હોય અને દીકરાનું નામ લખાયું હોય તેમાં રમણકુમાર. હવે બાપ-દીકરાના આધાર મેચ નથી થતા. તો સુધરાવો!

છેલ્લા સમયથી દેશમાં સામાન્ય પ્રજા જુદી જુદી એપ ડાઉનલોડ કરવા અને જુદાં જુદાં કાર્ડ કઢાવવા પછી તેના કેવાયસી માટે જ રઝળપાટ કરી રહી છે. ના આપણી ચેનલો, ના આપણા પ્રજાના પ્રતિનિધિઓ... કોઈ આ વાતે સરકાર કે સત્તાવાળાનું ધ્યાન દોરતા નથી. હવે ધ્યાનથી જુઓ તો સમગ્ર આધુનિક ટેકનોલોજી અને નેટ આધારિત કાર્યક્રમ માટે સરકારે સોફ્ટવેર કંપનીઓ ભાડે જ લેવી પડે. એટલે કોઈ પણ સોફ્ટવેર વાપરો, તેનો ખર્ચ



એ ખાનગી સોફ્ટવેર કંપનીના ધંધાની આવક છે. હવે લાગે છે, કેટલાક અધિકારીઓ પોતાના ઓળખીતા-પાળખીતાના સોફ્ટવેર વેચાય એ માટે સરકારના વિવિધ પ્રોગ્રામોમાં જરૂર હોય કે ના હોય, તેનો ફરજિયાત ઉપયોગ કરવાના નિયમો બનાવે છે અને પોતાનો ધંધો ચાલે તે માટે પ્રજાને ધંધે લગાડે છે. એપ્લિકેશન જેટલી ડાઉનલોડ થાય અને જેટલી વપરાય, તેટલો કંપનીને ફાયદો જ થાય અને સાથે સાથે નાગરિકોના ડેટા ભેગા થાય, તેનો પાછો અલગ વેપાર થાય. આ સરકાર આવી ત્યારે સુશાસન અને ભ્રષ્ટાચાર નાબૂદીની વાત કરતી હતી. હવે સુશાસન તો દૂર રહ્યું, ક્યાંય શાસન જેવું જ વર્તાતું નથી. સ્માર્ટ મોબાઈલના જમાનામાં ભ્રષ્ટાચાર પણ સ્માર્ટ થયો છે અને નેતાઓને આમાં ખબર પડે તેવી શક્યતા નથી જણાતી. એટલે મોબાઈલ ખરીદતા જાવ, જુદી જુદી એપ ડાઉનલોડ કરતા જાવ અને દર વર્ષે કેવાયસી કરાવતા જાવ. પછી સમય મળે તો તમારી રોજીરોટી વિશે વિચારો અને જીવનના બે છેડા ભેગા કરવામાંથી પરવારો તો દેશનું વિચારજો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## રસ્તાઓને થૂંકદાની નહીં, સ્વચ્છતાની ઓળખ બનાવીએ!

આપણને પ્રાથમિક શાળાથી જ શીખવવામાં આવે છે કે જાહેર સંપત્તિનું રક્ષણ કરવું એ દરેક નાગરિકની મૂળભૂત ફરજ છે. જાહેર રસ્તાઓ લોકોની અવરજવર માટે છે, ગંદકી ફેલાવવા માટે નહીં. છતાં કેટલાક લોકો પાન-માવો ખાઈને જ્યાં ત્યાં થૂંકે છે અને રસ્તાઓની દીવાલો તથા દુકાનોની આસપાસ ગંદકી ફેલાવે છે. રસ્તાઓ પરના લાલ રંગના થૂંકના ડાઘ શહેરની સુંદરતા બગાડે છે. બીજી તરફ, કેટલાક લોકો ઘરો અને દુકાનોનું ગંદુ પાણી જાહેર રસ્તાઓ પર વહેવડાવે છે. પરિણામે રસ્તાઓ પર ગંદા પાણીનાં ખાબોચિયાં ભરાય છે, દુર્ગંધ ફેલાય છે અને રોગચાળાનું જોખમ વધે છે. રાહદારીઓ, વાહનચાલકો અને દુકાનદારોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જાહેર રસ્તાઓ ગટરલાઈન કે થૂંકદાની નથી. દરેક ઘર અને દુકાનમાંથી નીકળતા ગંદા પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા હોવી જરૂરી છે. નગરપાલિકા અને મહાનગરપાલિકાની સાથે નાગરિકોએ પણ સ્વચ્છતા જાળવવાની જવાબદારી નિભાવવી જોઈએ. તંત્રએ નિયમોનો ભંગ કરનારાઓ સામે કાર્યવાહી કરવાની સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવી જોઈએ. ચાલો, રસ્તાઓને થૂંકદાની નહીં, સ્વચ્છતાની ઓળખ બનાવીએ અને જાહેર માર્ગોને ગંદકીના નહીં, વિકાસના માર્ગ બનાવીએ.

**નવસારી - મહાદેવભાઈ રાઠોડ**

## ગરદનનો દુખાવો

જ્યારે કોઈપણ વ્યક્તિ લાંબા સમય સુધી સતત મોબાઈલમાં જોયા કરે છે, ત્યારે ધીમે ધીમે તેને ગરદનનો દુખાવો શરૂ થાય છે. કેટલાકનાં ઘરોમાં ટીવી પણ ઊંચે હોય છે, ત્યારે પણ આવી પરિસ્થિતિ સર્જાય છે. તેનાથી બચવા માટે ગરદનને ધીમે ધીમે ઉપર-નીચે, ડાબી બાજુથી જમણી બાજુ ફેરવો તથા ડાબી અને જમણી બાજુએ ગોળ-ગોળ ફેરવો. ગરદનના સ્નાયુઓ પર વધારે તાણ ન આવે તે માટે બેસતી વખતે કમરના ભાગે હંમેશાં ટેકો લો. પાછળ તકિયો મૂકો. મોબાઈલને નીચે રાખવાને બદલે આંખની લાઈનમાં, આંખોની સામે રાખો. બેસવાની સ્થિતિ તથા જોવાની સ્થિતિ દર ૧૫-૨૦ મિનિટે બદલતા રહો. ગરદન પર હળવા હાથે મસાજ કરો. આ પ્રકારની કસરત દિવસમાં બે-ત્રણ વખત કરશો તો દુખાવામાં ઘણી રાહત મળશે.

**અમેરિકા - ડૉ ચંદ્રેશ જરદોશ**

## વિજ્ઞાનથી મોટો કોઈ ધર્મ નથી!”

સવારની પહેલી કિરણથી લઈને રાતે આંખો બંધ થાય ત્યાં સુધી માણસ વિજ્ઞાનની શોધોનો ઉપયોગ કરે છે. બ્રશ, નળનું પાણી, પંખો, વાહન, મોબાઈલ અને ઈન્ટરનેટ, આ બધું વિજ્ઞાનની ભેટ છે. છતાં સફળતા મળે ત્યારે આપણે ઘણીવાર કહીએ છીએ, “ભગવાનની દયાથી થયું!” હૃદયની સર્જરી સફળ થાય ત્યારે ડૉક્ટરનું જ્ઞાન, વૈજ્ઞાનિક સંશોધન, આધુનિક મશીનો અને વર્ષોની મહેનતને ભૂલી જવું કેટલું યોગ્ય છે? ભગવાનમાં શ્રદ્ધા રાખવી વ્યક્તિગત બાબત છે, પરંતુ વિજ્ઞાનના યોગદાનને અવગણવું તર્કસંગત નથી. સમસ્યા ધર્મમાં શ્રદ્ધા રાખવાની નથી, પરંતુ વિજ્ઞાનની સુવિધાઓનો લાભ લઈને વૈજ્ઞાનિક વિચારસરણી ન અપનાવવાની છે. મોબાઈલમાં ગૂગલથી માહિતી શોધીએ છીએ, પરંતુ અંધશ્રદ્ધાની વાત આવે ત્યારે પુરાવા માગવાનું ભૂલી જઈએ છીએ. બીમારીમાં આધુનિક સારવાર લઈએ છીએ, છતાં તેના કારણો વિશે અંધવિશ્વાસ પર ભરોસો કરીએ છીએ. આજે જરૂર માત્ર વિજ્ઞાનના ઉપભોક્તા બનવાની નહીં, પરંતુ તર્ક, પુરાવા અને પ્રશ્ન પૂછવાની હિંમત ધરાવતા નાગરિક બનવાની છે. શ્રદ્ધા વ્યક્તિગત હોઈ શકે, પરંતુ સત્ય સૌનું હોય છે. તો પછી જીવનભર વિજ્ઞાનની શોધોનો ઉપયોગ કરતો માણસ વૈજ્ઞાનિક વિચારસરણી પોતાના જીવનમાં ક્યારે અપનાવશે?

**સુરત - મુકેશ બી મહેતા**

## ખાદ્ય પદાર્થો ભેળસેળ

ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ એક પડકારરૂપ સમસ્યા છે. ભારતમાં લાખો નાનાં-મોટાં કરિયાણાં, શાકભાજીના વિક્રેતાઓ, ડેરી ઉદ્યોગો, હોટલો, નાનાં-મોટાં લારી-ગલ્લાં, રેસ્ટોરન્ટો, ફરસાણ અને સ્વીટની દુકાનો પર સતત નજર રાખવા ફૂડ વિભાગે વધુ પ્રમાણમાં ભરતી કરીને તેમની સામે લાલ આંખ અને બાજનજર રાખવી જોઈએ. આજના સમયમાં ભેળસેળ કરનારાઓ ચાલાક બની ગયા છે. કેમિકલ્સ કે ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ તપાસમાં પકડાતી નથી. દા.ત., દૂધમાં ડિટર્જન્ટ અને યુરિયાની ભેળસેળ, મસાલામાં સિન્થેટિક રંગો અને ઘીમાં સસ્તા પામ ઓઈલ તથા કેમિકલ્સનું મિશ્રણ આરોગ્ય અને જીવન પર ખતરો છે. આ માટે ઝડપી પ્રક્રિયા થાય અને સેમ્પલના રિપોર્ટ ૨૪ કલાકમાં આવે એવી લેબોરેટરીઓની જરૂર છે, દરેક મોટા શહેરમાં આવી વ્યવસ્થા હોવી જોઈએ. હલકી ગુણવત્તાવાળો ખોરાક મોત તરફ દોરી જાય છે. આનું નિરાકરણ ક્યારે?

**સુરત - તુષાર શાહ**

## દિવાળી આવી પણ મોંઘવારી લાવી !!

દિવાળી એટલે રોશની, આનંદ અને ઉલ્લાસનો તહેવાર. આખું વર્ષ લોકો આ પર્વની કાગડોળે રાહ જોતા હોય છે. પરંતુ હાલના સમયમાં ‘દિવાળી આવી પણ મોંઘવારી લાવી’ તે ઉક્તિ બિલકુલ સાર્થક થતી જોવા મળી રહી છે. બજારમાં ખરીદી કરવા જઈએ ત્યારે ખ્યાલ આવે છે કે દરેક વસ્તુના ભાવ આસમાને પહોંચી ગયા છે. મીઠાઈ બનાવવા માટે જરૂરી તેલ, ઘી, ખાંડ અને ડ્રાયફ્રૂટ્સના ભાવોમાં કમરતોડ વધારો થયો છે. નવા કપડાં, ઘર સજાવટનો સામાન, દીવા અને ફટાકડાની કિંમતો પણ સામાન્ય માણસના બજેટની બહાર જતી રહી છે. પરિણામે, મધ્યમવર્ગીય પરિવારોએ પોતાની ખુશીઓ અને ખર્ચ પર કાપ મૂકવો પડ્યો છે. જે લોકો પહેલાં કિલોમાં મીઠાઈ ખરીદતા, તેઓ હવે માત્ર શુકન પૂરતી જ ખરીદી કરી રહ્યા છે. આર્થિક ભીંસ વચ્ચે પણ લોકો પોતાના પરિવાર સાથે હળીમળીને દિવાળીનો આનંદ માણવાનો પૂરો પ્રયાસ કરે છે. આશા રાખીએ કે આવનારું નવું વર્ષ સૌના જીવનમાં આર્થિક રાહત અને સાચી સમૃદ્ધિ લઈને આવે.

**સુરત -બિંદુ ભરત વારા**

## ધાર્મિક સ્થળોની મર્યાદાનું જતન જરૂરી

ધાર્મિક સ્થળો એ માત્ર પથ્થરના સ્થાપત્યો નથી, પરંતુ કરોડો ભક્તોની આસ્થા અને મનની શાંતિના કેન્દ્રો છે. કોઈપણ ધર્મનું સ્થાન હોય, ત્યાં જવાનો હેતુ પવિત્રતા અને દિવ્યતા અનુભવવાનો હોય છે. પરંતુ આજના સોશિયલ મીડિયા અને રીલ્સના યુગમાં કેટલાક લોકો ધાર્મિક સ્થાનોની ગરિમા ભૂલીને જાહેરમાં અશ્લીલ ચેષ્ટાઓ કે અંગત ક્ષણોનું પ્રદર્શન કરે છે, જે અત્યંત અયોગ્ય છે. દરેક સ્થળની પોતાની મર્યાદા હોય છે. ધાર્મિક સ્થાનો પર આવી અસભ્યતા અન્ય શ્રદ્ધાળુઓની ભાવનાઓને આઘાત પહોંચાડે છે. પ્રેમ વ્યક્ત કરવો ખોટો નથી, પણ પવિત્ર ધામોને રોમાન્સ કે મનોરંજનનું સાધન બનાવવું એ સંસ્કૃતિનું અનાદર છે. આના ઉકેલ માટે ધાર્મિક ટ્રસ્ટો દ્વારા કડક નિયમો અને સુરક્ષા વ્યવસ્થા હોવી જરૂરી છે. સાથે જ યુવા પેઢીમાં યોગ્ય સંસ્કાર અને જાગૃતિ કેળવવી જોઈએ. આપણા પવિત્ર સ્થળોની મર્યાદા જાળવવી એ દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે.

**સુરત - દિપુ પટેલ**